શાંતિશ્રમ Since 1992

શાંતિશ્રમ સાપ્તાહિક હવે વિશ્વ સાથે જોડાઈ રહ્યું છે.
આપને મળશે દેશ અને દુનીયાના સંપુર્ણ સમાચાર
અમારી વેબસાઈટ, યુ-ટ્યુબ ચેનલ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર.
આપ શાંતિશ્રમ વાંચી શકો છો ઈન્ટરનેશન ન્યુઝ પ્લેટફોર્મ
ગુગલ ન્યુઝ અને ડેઈલીહંટ પર પણ...

શાંતિશ્રમ વેબસાઈટ જોવા આ કોડ સ્કેન કરો.

YouTube અમારી યુ-ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો.

dailyhunt પર જોવા આ કોડ સ્કેન કરો.

Google News પર જોવા આ કોડ સ્કેન કરો.

શાંતિશ્રમ ન્યુઝ જોવા અમારી યુ-ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો.

Register News Paper Having RNI Number 71524/92 Is Registered Under Postal Register Number GBK-136/2024-26 Issued By SPOs BK Division Palanpur-385001 Valid Ap To 31-12-2026 And Posting Permitted At Deodar Sub Office On Every Thursday

SHANTISHRAM (Gujarati Weekly)
દિઓદરથી શાંતિ, સાહસ, સદ્‌ભાવ જગાડતું દર બુધવારે પ્રગટ થતું અઠવાડીક

# શાંતિશ્રમ

Since 1992

Editor : Ashok B. Sheth (Mo.) 94264 88188 Email : shantiweekly@gmail.com

VOLUME NO: 33 ISSUE NO: 16 DATE: 19-06-2024 SUBSCRIPTION: 100/- PRICE: 2/- PAGE: 4+4
Place of Publication: Shantishram, Diyodar- 385330, Dist: B.K., Printing Press: Dhaval Printing Press, Diyodar- 385330.

Skyvue126
3BHK INSPIRED LIVING

## SAMPLE HOUSE INAUGURATION
## ON 23RD JUNE

સેમ્પલ હાઉસ જોવા આજે જ પધારો
સમાજ ના સભ્યો માટે સ્પેશિયલ આકર્ષક ઓફર

2 Alloted Parking
30+ Amenities




9898128799 | 9825127545 | 9898610311

B/H Gopi Dining Hall, Nr. Kanchanbhumi Jain Derasar, Aanand nagar Road, Satellite, Ahmedabad

RERA NUMBER
MAA10464/180722 |




## संयम रजत महोत्सव

તાઃ ૨૩ જુન ૨૦૨૪, રવિવાર

**અનિવાર્ય કારણોસર સ્થળ ફેરફાર**

સ્થળ : રૂપલ પાર્ક, વિજયનગર સ્કૂલ પાસે
અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ

શાંતિશ્રમ ન્યુઝ જોવા અમારી યુ-ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો.

Register News Paper Having RNI Number 71524/92 Is Registered Under Postal Register Number GBK-136/2024-26 Issued By SPOs BK Division Palanpur-385001 Valid Ap To 31-12-2026 And Posting Permitted At Deodar Sub Office On Every Thursday

SHANTISHRAM (Gujarati Weekly)
દિઓદરથી શાંતિ, સાહસ, સદ્‌ભાવ જગાડતું દર બુધવારે પ્રગટ થતું અઠવાડીક

# શાંતિશ્રમ

Since 1992

Editor : Ashok B. Sheth (Mo.) 94264 88188 Email : shantiweekly@gmail.com

VOLUME NO: 33 ISSUE NO: 16 DATE: 19-06-2024 SUBSCRIPTION: 100/- PRICE: 2/- PAGE: 4+4
Place of Publication: Shantishram, Diyodar- 385330, Dist: B.K., Printing Press: Dhaval Printing Press, Diyodar- 385330.

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥
॥ શ્રી વૃદ્ધિ-ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ-વિનય-લબ્ધિ-કલ્પજય-શાંતિચન્દ્ર-ચન્દ્રપ્રભ ગુરૂભ્યો નમઃ ॥

કાંકરેજની કલગી સમાન થરા નગરની ધન્યધરા પર
૧૦૦ વર્ષ થી પણ અધિક સમય થી સેવારત
શ્રી થરા જૈન શ્વે.મૂ.પૂ.સંઘ સંચાલીત શ્રી ખોડાઢોર પાંજરાપોળ-થરા



# જીવદયા ધામના

ભવ્ય **જીવદયા મહોત્સવ** પ્રસંગે પધારવા

# પ્રેમપૂર્ણ આમંત્રણ



### પાવન નિશ્રા...

પ.પૂ.લબ્ધિગુરૂકૃપાપાત્ર આ.દેવશ્રી શીલરત્નસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.ગચ્છાધિપતિ આ.દેવશ્રી કુલચંદ્રસૂરીશ્વરજી (કે.સી.) મ.સા.
ગુરૂકલ્પ આજીવન ચરણોપાસક પ.પૂ.આ.દેવશ્રી શીલરત્નસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.પન્યાસ પ્રવરશ્રી કુલદર્શનવિજયજી મ.સા.
પ.પૂ.પ્રવર્તક કલ્પરત્નવિજયજી મ.સા.આદિ
સમુદાયવર્તી શ્રમણ-શ્રમણી ભગવંતો

### જીવદયા મહોત્સવના લાભાર્થી પરિવાર

----- મુખ્ય લાભાર્થી -----
સ્વ. બકુલકુમાર ચીનુભાઈ પાંચાણીના આત્મશ્રેયાર્થે
**શ્રીમતી પ્રભાબેન ચીનુભાઈ પાંચાણી પરિવાર**

----- સહ લાભાર્થી -----
સુર્યાબેન હસમુખભાઈ ઝવેરી પરિવાર (થરાવાળા)

---- નવકારશી તથા સ્વામિવાત્સલ્યના સંપૂર્ણ લાભાર્થી ----
**શ્રીમતી મંજુલાબેન સુરેશકુમાર પાંચાણી પરિવાર**

### મંગલમય કાર્યક્રમ

સં.૨૦૮૦ જેઠ વદ-૯, રવિવાર
**30/6/2024**

------- સવારે ૭-૧૫ કલાકે -------
નવકારશી (લોહાણા સમાજવાડી,મણીનગર )

------- સવારે ૮-૩૦ કલાકે -------
પૂ.ગુરૂભગવંતોનું સામૈયું
(લોહાણા સમાજવાડી,મણીનગર થી એકા કલબ)

------- સવારે ૯-૧૫ કલાકે -------
જીવદયા મહોત્સવ કાર્યક્રમ પ્રારંભ

------- કાર્યક્રમ બાદ પધારેલ સર્વેનું સ્વામીવાત્સલ્ય -------

------- શુભ સ્થળ -------
અરેના હોલ, એકા કલબ, મણીનગર,અમદાવાદ

------- સુપ્રસિધ્ધ વક્તા મુખ્ય કલાકાર -------
**શ્રી સાંઈરામ દવે**

સૌથી જુની અને આપણા સૌની આ થરા પાંજરાપોળના લાભાર્થે આ સુંદર જીવદયા મહોત્સવનું આયોજન કરવા જઈ રહ્યા છીએ ત્યારે આ અવસરે સપરિવાર પધારવા આપ સર્વેને કરબદ્ધ પ્રાર્થના છે...



### નિમંત્રક

**શ્રી થરા જૈન શ્વે.મૂ.પૂ.સંઘ સંચાલીત શ્રી ખોડાઢોર પાંજરાપોળ-થરા**
સલાહકાર સમિતિ, ટ્રસ્ટ મંડળ તથા કમિટિ મેમ્બરના સબહુમાન જય જિનેન્દ્ર
મુ.પો.થરા, તા.કાંકરેજ, જિલ્લો-બનાસકાંઠા,પીન : ૩૮૫૫૫૫ (ઉ.ગુ.)

# ડહેલાના સમુદાયના વડીલનાયક, કુવાળાના કોહીનુર શ્રી સંઘ સૌભાગ્ય તિલક પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજાનું મહાવિદેહ પ્રયાણ

અપ્રતિમ પ્રતિભા સમ્પન્ન પૂજ્ય આચાર્યશ્રી સૂરેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન ડહેલાના સમુદાયના વડીલ નાયક સંઘ સૌભાગ્યતિલક કુવાળા કોહીનુર,લોલાડીયા પરિવારનું રત્ન પૂજ્ય આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મહારાજા તા.૧૨ જુનના રોજ સવારે ૧૦-૪૪ કલાકે તેમના કર્તવ્યનિષ્ઠ શિષ્ય પૂજ્ય આચાર્યશ્રી પિયુષભદ્રસૂરીશ્વરજી મહારાજા આદિ ના મુખેથી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં દીઓદર સમીપે આવેલ. કુવાળા નગરે પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્માણ પામેલ. મીનીશત્રુંજય તીર્થ તરીકે નામના મેળવનાર શ્રી સિધ્ધાચલ તીર્થના આંગણે કાળધર્મ પામતાં ભક્તવર્ગમાં ભારે ગમગીની છવાઈ જવા પામેલ.

ચૌદવર્ષની વયે સંયમના રંગે રંગાઈ નટવરલાલ એ દીક્ષા અંગીકાર કર્યા બાદ ૭૯ વર્ષ સંયમ સાધનામાં પસાર કરી ૯૪ વર્ષની જૈફ વયે નાના સાથે નાના અને મોટાઓ સાથે મોટા બની શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો જોરથી જયકારો બોલાવી ભક્તામર મહાસુત્રને ગુંજતું કરનાર પૂજ્યશ્રીએ દીઓદર નગરે શ્રી પ્રગતિનગર જૈનટ્રસ્ટના આંગણે આદિનાથ પરમાત્માની અંતિમ ધ્વજારોહણ તેમના વરદ હસ્તે કરેલ.

પૂજ્યશ્રીના સમાચાર મળતાં આજુબાજુ તથા ભારતભરમાંથી પૂજ્યશ્રીના ચાહકો પૂજ્યશ્રીના અંતિમ દર્શનાર્થે કુવાળા નગરે દોડી આવેલ.

વિક્રમ સંવત ૧૯૮૭ના કારતક માસે માતુશ્રી મેનાબેનના કુખે જન્મી લોલાડીયા પરિવાર સહ કુવાળાની ધન્યધરાને પૂજ્ય ગુરૂસુરેન્દ્રસૂરીશ્વરજી સહ ગુંજતી કરનાર પૂજ્યશ્રીના કાળધર્મના સમાચાર મળતાં ભારતભરમાં અનેક ભક્તોએ ભારે આંચકો અનુભવેલ. સિધ્ધાચલતીર્થ મધ્યે પૂજ્યશ્રીના નશ્વરદેહને મુકવામાં આવેલ જ્યાં આવી પહોંચેલ ભક્તવર્ગે વાસક્ષેપ પૂજા સહ વંદના કરી ધન્યતા અનુભવેલ.

બાદમાં પૂજ્ય આચાર્યશ્રી પિયુષભદ્રસૂરીશ્વરજી મહારાજાની પાવનનિશ્રામાં સભા મળેલ જેમાં ત્રિલોક મોદીના મ્યુઝીક ના તાલ સાથે ભાવિક મહેતાએ પૂજ્યશ્રીના કાર્યો સિધ્ધિને ઉજાગર કરેલ. પૂજ્ય આચાર્યશ્રી પિયુષભદ્રસૂરી મહારાજે જણાવેલ કે અમારો આધાર ખરી પડ્યો છે. પૂજ્યશ્રી તરફથી મળતું માર્ગદર્શન, દીશા જીવનમાં ખૂબજ ઉપયોગી નીવડી રહી છે. પૂજ્યશ્રીએ હસ્તા મોએ સૌને આવકાર્યા છે.અને આશીર્વાદ આપ્યા છે. અને તેમના ભક્તામરનો અવાજ આજે પણ ગુંજી રહ્યા છે.

આ પ્રસંગે બાદરમલજી સેજાજી ભુરટ પરિવારે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાવેલ તેમજ પૂજ્યશ્રીના ફોટાને ફુલમાળા પહેરાવેલ બાદમાં વિવિધ ચડાવાઓ યોજાયેલ. બાદમાં જય જય નંદા જય જય ભદ્દા ના નાદ સાથે સૌએ અબીલ ગુલાલની છોળો વચ્ચે ઢોલ નગારા,મચક બેન્ડ તેમજ મુંબઈથી આવેલ જીનદર્શન બેન્ડ દોલતનગર સાથે પૂજ્યશ્રીની પાલખી સિધ્ધાચલ તીર્થ થી પ્રસ્થાન કરી કુવાળા નગરની પ્રદક્ષિણા કરેલ.રસ્તામાં ઠેર ઠેર જૈન જૈનેતરોએ અશ્રુભીની આંખે વંદના કરી ધન્યતા અનુભવેલ. બાદમાં પાલખી સિદ્ધાચલ તીર્થ મધ્યે પધારેલ જ્યાં સૌની અશ્રૃભીની આંખો વચ્ચે પૂજ્યશ્રીને કુવાળા નિવાસી લોલાડીયા પરિવારના પ્રિયાંશ,વૈભવ૪ હ.પ્રભાબેન રતિલાલ પરિવાર,કુવાળા મનોજભાઈ-જોસનાબેન, મિલન-મિનાક્ષીબેન, દીપીકા-સંજયકુમાર,વૈભવ,શિતલ, પ્રિયાંશ લોલાડીયા એ ભાવપૂર્વક ૩-૩૦ કલાકે અગ્નિદાહ આપતાં સૌએ વંદના સહ ૬ાા ફુટની ઉંચાઈ ધરાવી પહાડી બુલંદી અવાજને ભાવભીની વિદાય આપેલ. પરિવાર ના રજનીભાઈ, મનોજભાઈ,ભાવેશ, કલ્પેશ વૈભવ, મિલન આદિએ પૂજ્યશ્રીને વંદના કરેલ.

પૂજ્યશ્રી ૭૯ વર્ષના સંયમ પર્યાય દરમ્યાન ૭૮ જેટલા ચાતુર્માસ ની નિશ્રા પ્રદાન કરેલ.આટલી વયે પણ પૂજ્યશ્રી ચશ્માના ઉપયોગ વિના વાંચન કરતાં તેમની અનેરી જાજરમાન ગૌરવ ગાથાને ભાવિક મહેતા એ આગવી શૈલીમાં રજુ કરેલ.

આ પ્રસંગે જીવદયાનું સારૂ ફંડ એકઠું થયેલ.વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેલ.તપાગચ્છ પ્રવરસમિતિ તેમજ અનેક પૂજ્ય ગચ્છાધિપતિશ્રીઓ તથા આચાર્ય ભગવંતો આદિના પત્રો આવેલ.

કુવાળાના તમામ વેપારીઓએ કુવાળાના કોહીનુર નો દીપ બુઝાતાં સ્વ.ની સ્મશાન યાત્રા સુધી ગામના તમામ લારી-ગલ્લા સહ ધંધા રોજગાર બંધ રાખી પાલખીમાં જોડાઈ ધન્યતા અનુભવેલ આ પ્રસંગે ત્રણેય ટાઈમની સાધર્મિક ભક્તિ નું સુંદર આયોજન કુવાળા જૈનસંઘ દ્વારા કરવામાં આવેલ. ગામના યુવાનો વડીલો તથા બહાર થી પધારેલા સૌ જૈન શ્રેષ્ઠીઓ યુવાનો, બહેનો એ પૂજ્યશ્રીને ભાવભીની વંદના કરી અંતિમ વિદાય આપેલ. પૂજ્ય સાધ્વી ભગવંતોના ચહેરા ઉપર પૂજ્યશ્રીની વિદાય નું દર્દ છલકાઈ રહ્યું હતુ. પૂજ્યશ્રીના પગલાં મંદિર બનાવવાનું તેમજ સિધ્ધાચલ તીર્થ પરિસરમાં મૂર્તિ બિરાજમાન કરવાનું આયોજન થયેલ.

ડહેલાના સમૂદાયના ગચ્છાધિપતિ આચાર્યશ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય આચાર્યશ્રી મોક્ષરત્નસૂરીશ્વરજી મહારાજા એ પૂજ્ય આચાર્યશ્રી પિયુષભદ્રસૂરીજી મહારાજાને સતત માર્ગદર્શન સહ સાંત્વના પાઠવેલ. પૂજ્યશ્રીની તેમના શિષ્યરત્ન પૂજ્ય આચાર્યશ્રી પિયુષભદ્રસૂરી મહારાજા આદિ શિષ્ય પરિવારે પૂજ્ય વડીલ નાયકની અનેરી ભક્તિ કરેલ જેની સૌએ અનુમોદના કરેલ.

## પૂજ્યશ્રીના ગુરૂમંદિરના વિવિધ લાભો

- ખનનવિધિ ખાતમુહુર્ત :- ધૂડીબેન જમનાલાલ લોલાડીયા, કંચનબેન ફોજાલાલ દોશી
- મુખ્યશીલા,કુર્મશિલા :- સાધર્મિક ભક્તિ સેવા ટ્રસ્ટ,દીઓદર
- શીલા ઓ નં.૧ થી ૪ :- સુભદ્રાબેન કિર્તિલાલ ફોફાણી થરા, શારદાબેન રસીકલાલ શાહ,થરા , જયંતિલાલ બાપુલાલ શાહ,દીયોદર, વિમળાબેન સેવંતીલાલ ગાંધી,કુવાળા
- પાદુકા ભરાવવાના :- અભયમોક્ષ પરિવાર - પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી અભયદેવસૂરીજી મ.સા.ની પ્રેરણાથી
- મૂર્તિ ભરાવવાનો ચડાવોઃ- પુષ્પાબેન પ્રકાશભાઈ ફાગણીયા, દેસુરી પરિવાર



### પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ શાસન પ્રભાવક કાર્યો

૭૮ જેટલા સંઘમાં ચાતુર્માસ
૧૦ જેટલા ઉપધાનતપ આરાધના
૧૪ જેટલી દીક્ષા,
૫ જેટલી વડી દીક્ષા,
૧૪ જેટલા છ'રિ પાલીતસંઘ
૨૩ જેટલા પ્રતિષ્ઠા મહોત્સવ

### પૂજ્યશ્રી એ જીવનકાળમાં કરેલ આરાધનાઓ

વર્ષીતપ, સિધ્ધીતપ,
૨૫ ઉપવાસ,૧૬ ઉપવાસ
૧૧ ઉપવાસ, ભકતામર તપ,
સૂરિમંત્ર પ્રસ્થાન પીઠીકા,
વર્ધમાન તપની ૧૪ ઓળી

### પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ ચાતુર્માસ

મહારાષ્ટ્ર -૨૦, ગુજરાત-૩૨
રાજસ્થાન-૬, મધ્યપ્રદેશ-૧૭,
યુ.પી.,દિલ્હી, બંગાળમાં ૧-૧
જેમાં અમદાવાદમાં ૧૫ ચોમાસાં
મુંબઈમાં ૧૭ ચોમાસાં

### પૂજ્યશ્રીના કરકમલોથી થઈ પ્રતિષ્ઠા

૧ ચાણક્ય જૈન દેરાસર જીલ્લા પૂના
૨ શત્રુંજય ભક્તામરતીર્થ,પૂના
૩ શંખેશ્વર પાર્શ્વનાથ જીનાલય હાઈડપાર્ક પુના,
૪ કલાચોકી જૈન દેરાસર,લાલબાગ,મુંબઈ
૫ કોટ જૈનસંઘ દેરાસર-

કુવાળા નગરે પૂજ્યશ્રીને વંદન કરવા તથા પાલખીયાત્રામાં જોડાવવા માટે ભારતભરમાંથી વિવિધ સંઘના વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેલા,જેમાં શ્રી કુવાળા જૈનસંઘ, શ્રી ડહેલાના ઉપાશ્રયના ટ્રસ્ટના ટ્રસ્ટીવર્યો, હસમુખકોલોની જૈનસંઘ, અમદાવાદ, દેવકીનંદન જૈનસંઘ,શ્રી ભાભર જૈનસંઘ, શ્રી મીઠી પાલડી જૈનસંઘ, શ્રી દિયોદર જૈનસંઘ,પ્રગતિનગર જૈન ટ્રસ્ટ,શ્રી આદિનાથ નવસારી જૈનસંઘ,શ્રી ઉસ્માનપુરા જૈનસંઘ, શ્રી સાગરગચ્છ, પાટણ જૈનસંઘ,શ્રી ઈસરવા જૈનસંઘ, શ્રી કુન્થુનાથ જૈનસંઘ આદિ નામી અનામી પધારેલ સમસ્ત ગુજરાતના તમામ સંઘો પધારેલ. મહારાષ્ટ્ર માંથી શ્રી કાર્ટર રોડ જૈનસંઘ,બોરીવલી શ્રી મનપેશ્વર જૈનસંઘ,શ્રી પુના જૈનસંઘ, શ્રી શત્રુંજય ભક્તામર ટ્રસ્ટના ટ્રસ્ટીવર્યો, શ્રી સુયશપીયુષપાણી ટ્રસ્ટઆદિ નામી-અનામી ,મધ્ય પ્રદેશ માં મન્દસૌર જૈનસંઘ,ઈન્દોર જૈનસંઘ,શ્રી લાલમંદિર જૈનસંઘ,શ્રી કંચનબાગ જૈનસંઘ,શ્રી પીપલી બજાર જૈનસંઘ, શ્રી નીમચ જૈનસંઘ આદિ નામી-અનામી સમસ્ત માલવા જૈનસંઘ,રાજસ્થાન -શ્રી મંડાર જૈનસંઘ, શ્રી રીછેડ જૈનસંઘ,મેવાડ આદી ઉપસ્થિત રહેલ અને ગુરૂવંદના કરેલ.

## પૂજ્યશ્રીના પાલખીના વિવિધ લાભો

- અગ્નિ સંસ્કારઃ-કુવાળા નિવાસી પ્રિયાંશ વૈભવ લોલાડીયા, હ.પ્રભાબેન રતિલાલ લોલાડીયા પરિવાર
- દીપ પ્રાગટ્ય :-બાદરમલજી સેજાજી ભુરત
- આસન બિછાવવાના :-રીખવ મામા શાહ પરિવાર-ઈન્દોર
- ગુરૂદેવ બિરાજમાન કરવાના :- વિર મેહુલ પનાની, મંજુલાબેન પારસમલજી પનામી, પુરણ
- બિરાજમાન બાદ ગુરૂ પૂજન :- શ્રી સુરેન્દ્ર યશોસિદ્ધિ ટ્રસ્ટી મંડળ,કુવાળા
- આગળની જમણી કાંધ :- પુષ્પાબેન પ્રકાશભાઈ ફાગણીયા,દેસુરીયા
- આગળની ડાબી કાંધઃ-મંજુલાબેન પારસમલજી પનાની,પુરણ
- પાછળની જમણીકાંધઃ-માતુશ્રી શાંતાબેન વાલચંદજી મહેતા પરિવાર,પુરણ
- પાછળની ડાબી કાંધઃ-શેઠશ્રી નગીનદાસ, લલીતભાઈ,મુકેશભાઈ આદિ
- લોટીના લાભો :- પુષ્પાબેન લલીતભાઈ સુરાણા,પુના, મનોજભાઈ શશિકાંતભાઈ ગાંધી,રાજકોટ, સુભદ્રાબેન શાંતિલાલ,વિરમગામ, ભુરીબેન કકલદાસ અજબાણી ધાનેરા, ધાનેરા તપાગચ્છ જૈનસંઘ, ચંદ્રાબેન ચીનુભાઈ દોશી, પુષ્પાબેન નટવરલાલ બોકડીયા,મંડાર, વાસંતીબેન હંજારીમલજી,મંડાર, નથમલજી ચોથમલજી કાંકરીયા પરિવાર ,બાખણી
- મશાલ :- સવિતાબેન વાઘજીભાઈ વોરા,મીઠીપાલડી
  કોકિલાબેન હસમુખભાઈ શાહ,અમદાવાદ
  લોલાડીયા મંજુલાબેન ઈશ્વરલાલ
  ડહેલાના સમુદાયના શ્રાવક કનુભાઈ દોશી,કિર્તિભાઈ મંડાર,પોપટભાઈ જાખડી
- ગુલાલ ઉડાડવાના લાભાર્થી :-શ્રી સીવાન્સી જૈનસેવા સમિતિ ટ્રસ્ટ,ગઢ સિવાણા
- પાછળ અનુકંપાદાન :- પુષ્પકિર્તિ પરિવાર,મુંબઈ
- ગુરૂપૂજન :- કમળાબેન પારસમલજી લુક્કડ પરિવાર,પુના
- દોણી પકડવાનુંઃ-લોલાડીયા ટીલચંદ ખેતસી પરિવાર,
- આગળ વરસીદાન :- લોલાડીયા ટીલચંદ ખેતસી પરિવાર,
- ત્રણેય ટાઈમ સાધર્મિક ભક્તિ શ્રી કુવાળા જૈન સંઘ













# ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ. સંજયકુમાર કનૈયાલાલ રાઘવાણી**
સ્વ તાઃ- ૧૮-૦૬-૨૦૨૪ ચક્ષુદાતા (સોરાવડ)
મહાવીર જૈન સોશિયલ ગ્રુપ નિર્ણયનગર-પૂર્વ પ્રમુખ
નિર્ણયનગર જૈન સંઘ કારોબારી સભ્ય

કુદરતનો કેવો કારમો પ્રહાર કે,
પહાડ જેવો મિત્ર ખોવો પડે છે,
કમનસીબી કેવી મનગમતા માણસને હવે ચિત્રમાં જોવો પડે છે.
મધ્યાહને તપતો સુરજ હોવા છતાં અકાળે છવાયો અંધકાર
હવે હરદમ હૈયે ઉગશે તમારા સ્મરણોની સવાર..
પરમ કૃપાળુ પરમાત્મા તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લી.

## શ્રી મહાવીર જૈન સોશિયલ ગ્રુપ નિર્ણયનગર

| | | | | |
|---|---|---|---|---|
| હીરેન એન.ધાણધારા<br>પ્રમુખ | ભાવેશ સી. ઝાલમોરા<br>ઉપપ્રમુખ | વિશાલ વિ.શાહ<br>મંત્રી | ધર્મેન્દ્ર એમ.ડોસલીયા<br>સહમંત્રી | ભાવિક એ.રાઘવાણી<br>ખજાનચી |
| વિશાલ કે.શાહ<br>સહ ખજાનચી | કુલદીપ જે.શાહ<br>કારોબારી સભ્ય | તુષાર એન.શાહ<br>કારોબારી સભ્ય | કુલદીપ એચ.શાહ<br>કારોબારી સભ્ય | કૌશલ કે.શાહ<br>કારોબારી સભ્ય |

## પ્રથમ માસિક પૂણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ. પુષ્પાબેન રમણિકલાલ વાલાણી**
સ્વ.તા. ૩૧-૦૫-૨૦૨૪ (ચક્ષુદાતા)

વિધિનાં લખ્યાં લેખ કેવા ક્રુર થઈ ગયાં,
છોડ્યો તમે હાથ, અમે મજબુર થઈ ગયાં,
છોડી સૌ સ્વજનોનો સાથ, તમે વસ્યા છો પ્રભુ પાસ,
પ્રભુ આપના દીવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના

સ્વ.ની પ્રથમ માસિક પૂણ્યતીથી નિમિત્તે અંતરાય કર્મ નિવારણ પૂજા
જેઠ વદ-૫, બુધવાર, તા.૨૬-૦૬-૨૦૨૪ સવારે ૯:૩૦ કલાકે
શ્રી આદિનાથ જિનાલય શ્વે.મૂ.પૂ. જૈન સંઘ,
ચિત્રકુટ, સોલારોડ અમદાવાદ મધ્યે રાખેલ છે.
સામાયિક ૯:૩૦ થી ૧૦:૩૦, આયંબિલની વ્યવસ્થા રાખેલ છે.

લી.

## વાલાણી રમણીકલાલ માનચંદભાઈ પરિવાર (થરાવાળા)

વાલાણી જીમીબેન ભરતકુમાર
વાલાણી પ્રીતિબેન કલ્પેશકુમાર
વાલાણી કામિનીબેન નરેશકુમાર
પૂત્રી ગીતાબેન મહેશકુમાર કુરિયા
પ્રિન્સી, જીયા, રાજ, નમ્ર, ભવ્ય, પાર્શ્વ
મો.૯૮૨૫૪ ૮૮૭૯૫

**સ્વ.ના આત્મશ્રેયાર્થે પરિવાર દ્વારા જીવદયામાં સુકૃત**
**થરા પાંજરાપોળ રૂ. ૧૧,૧૧,૧૧૧/-**

| | |
|---|---|
| રૂની પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- | દિયોદર પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- |
| ઉણ પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- | હારીજ પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- |
| શિહોરી પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- | કંબોઈ પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- |
| સરિયદ પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- | ઝાલમોર પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- |
| ઉંદરા પાંજરાપોળ રૂ. ૫,૫૫૫/- | વાલાણી પરિવાર રૂ. ૫,૫૫૫/- |

શાંતિશ્રમ
Editor, Published and Owned By ASHOK B.SHETH, and Printed at DHAVAL PRINTING PRESS, Diyodar, Dist.B.K.-385330. and Published from: SHANTISHAM WEEKLY OFFICE, Diyodar, dist B.K.-385330.
If undelivad Please retarn to Shantishram weekly,Deodar-385330.B.k.

## પૂ.ગચ્છનાયક જ્યોતિષાચાર્યનું બાયપાસ ઓપરેશન



પૂજ્ય તપાગચ્છાધિપતિ આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર શિષ્ય પૂ.ગચ્છનાયક જ્યોતિષાચાર્ય ડાં.આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ની નાદુરસ્ત તબીયતને લઈ ને તા.૧૪/૬/૨૦૨૪ ના રોજ અમદાવાદ એપીક હોસ્પીટલ ખાતે ડાં.અનિલ જૈન દ્વારા બાયપાસ ઓપરેશન કરવામાં આવ્યું.પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય સારૂ છે. અને તબીયતને ધ્યાનમાં લઈ હાલમાં કોઈ એ પણ દર્શન વદન કરવા પધારવું નહીં.

## વલ્લભીપુર થી પાલીતાણાનો સંઘ જ્યોત્સવ




ઉસમાનપુરા અમદાવાદ મધ્યે ડહેલાના સમુદાયના પૂજ્ય આચાર્ય શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મહારાજા, પૂજ્ય આચાર્યશ્રી ઉદયરત્નસૂરીશ્વરજી મહારાજા આદિઠાણાની પાવનનિશ્રામાં આંધ્રપ્રદેશ નિવાસી ધાપુબેન સાંકળચંદજી પરિવાર દ્વારા વલ્લભીપુર થી પાલીતાણા મહાતીર્થનો છ'રિપાલીતસંઘનો જયોત્સવ યોજાયો.

## ચાતુર્માસ પ્રવેશ



પૂ. ગુરૂકલ્પ કૃપાપાત્ર આ.દેવશ્રી શીલરત્ન સૂરીશ્વરજી મ.સા.ની પાવનનિશ્રામાં નિર્ણયનગર જૈનસંઘ મધ્યે મુનિસુવ્રત સ્વામી જિનાલયની વરસગાંઠ ધ્વજારોહણ પ્રસંગ ખૂબજ ઉલ્લાસ સાથે ઉજવાયો.

● ઈન્દુબેન ભરતભાઈ ઝવેરી ના દીકરી મ.સા. સા.શ્રી રૂપાતીતરેખાશ્રીજી મ.સા.એ અંગ્રેજી ભાષામાં નવતત્વ પુસ્તકનું પ્રકાશન કર્યું હતું. તેનું વિમોચન પૂ.દીક્ષાદાનેશ્વરી ગુણરત્નસૂરિ મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ.આ.રવિ-રશ્મિરત્નસૂરી મ.સા.તથા પ્રવર્તિની સા.શ્રી પૂણ્યરેખાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા સા.શ્રી હેમલરેખાશ્રીજી મ.સા.ની નિશ્રામાં થયું.

### મુમુક્ષુ નમ્રકુમાર ની દીક્ષા યોજાઈ

શ્વેતામ્બર સ્થાનકવાસી તેરાપંથ આદિ સર્વ સંપ્રદાયો દ્વારા જીનશાસનની એકતા અને પ્રભાવનાના પ્રતિક સ્વરૂપ મણીનગર કાંકરીયા જૈન યુથ સંચાલીત મુમુક્ષુ નમ્રકુમાર ના સંયમ જીવનની અનુમોદના રૂપે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં ૨૦૦ કાર, ૧૦૮ ટુવ્હીલર સાથે લોકો જોડાયા હતા.

## શત્રુંજય રેસીડેન્સી મધ્યે જિનાલયની સાલગીરી





શત્રુંજય રેસીડેન્સી સેટેલાઈટ અમદાવાદ મધ્યે શ્રી આદિનાથ દાદાના જીનાલય ની સાલગીરી ઉજવાઈ ગુરૂકલ્પ ના આજીવન ચરણોપાસક પૂ.આ.શ્રી શીલરત્નસૂરીશ્વરજી મહારાજા આદિઠાણાની પાવન નિશ્રામાં હંસાબેન મંગળદાસ ઝવેરી પરિવારના અલકેશભાઈ, વિપુલભાઈ આદિ પરિવારજનો દ્વારા અત્યંત આનંદ સાથે ઉત્સાહથી ધ્વજારોહણ કરાયું.આ પ્રસંગે ધ્વજારોહણ બાદ મોં મીઠું કરાવવાનો તેમજ નવકારશીનો લાભ ચંદ્રીકાબેન અશોકભાઈ હેબ્રા પરિવાર દ્વારા લેવાયો. આવતા વર્ષની ધ્વજા રોહણનો લાભ સુર્યાબેન હસમુખલાલ ઝવેરી થરાવાળા પરિવાર દ્વારા લેવાયો

## પાવાગઢ પર જૈન તિર્થકરોની મૂર્તિ ખંડીત કરતાં જૈન સમાજમાં રોષની લાગણી



પાવાગઢ ખાતેના પગથીયાં પરથી જૈન તિર્થકરોની પ્રતિમાઓ હટાવી દેતાં હાલોલ, વડોદરા, સુરત સહિત રાજ્યભરમાં તેના ઉગ્ર પત્યાઘાત પડ્યા છે. જૈન સમાજ દ્વારા ઠેર ઠેર વિરોધ નોધાયો હતો. જેમાં રાજ્ય સરકાર દ્વારા કલેકટરને મૂર્તિઓ પુનઃ સ્થાપિત કરવા આદેશ મળતાં જીલ્લા પોલીસવડા સહિત જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ ની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. અને સમાધાનની ભુમિકાબાદ જૈનતિર્થકરોની પ્રતિમાઓ યુધ્ધના ધોરણે પુનઃ જગ્યા પર સ્થાપિત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ પહેલાં સુરત, અમદાવાદ, વડોદરા સહિત રાજ્યના વિવિધ શહેરોમાં જૈન સમાજ દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

મૂર્તિઓ હટાવવા મામલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાના સોશિયલ મીડીયા એકાઉન્ટ પર જાહેરાત કરી હતી કે આ કૃત્ય કરનારા લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને મૂર્તિ કે મંદિર હટાવવાની સત્તા નથી.

## ગોદાવરી જૈનસંઘ મધ્યે ૩૬ મો આચાર્યપદ દિન

ગોદાવરી જૈનસંઘ અમદાવાદ મધ્યે પૂ.આ.શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો ૩૬ મો આચાર્ય પદ દિવસ ઉજવાયો. તા.૧૭/૬/૨૦૨૪ ના રોજ અમદાવાદમાં બિરાજમાન પૂજ્ય સાધ્વી ભગવંતોની નિશ્રામાં ગુરૂભક્તો દ્વારા અત્યાંત આનંદ ઉત્સાહથી પૂ.ગુરૂદેવની પદવી દીનની ઉજવણી કરાઈ

## પૂ.વાગડ વિભુષણનો ૪૧ મો દિક્ષા દિવસ



શ્રી લક્ષ્મીવર્ધક જૈનસંઘ પાલડી અમદાવાદ મધ્યે વાગડ વિભુષણ આચાર્ય શ્રી મૃદુરત્નસાગરસૂરીશ્વરજી મહારાજાનો ૪૧ મો દિક્ષા દિવસ ઉજવાયો. પૂ.આ.શ્રી મૃદુરત્નસાગર સૂરીશ્વરજી મહારાજા માલવભુષણ પૂ.આ.શ્રીના શિષ્ય છે. આ નિમિત્તે તા.૧૪ જુનના રોજ પાલડી મધ્યે સંયમ સંવેદના યોજાઈ

## દુખદ અવસાન



દીઓદર મધ્યે સોહનલાલ કાળીદાસ ઝાલમોરા (ખીમાણાવાળા) નું તા.૮/૬/૨૦૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.



અમદાવાદ મધ્યે કંચનબેન કાંતિલાલ રાઘવાણી (ઉંદરાવાળા) નું તા.૭/૬/૨૦૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.



અમદાવાદ મધ્યે રાઘવાણી સંજયકુમાર કનૈયાલાલ (સોરાવડવાળા) નું તા.૧૮/૬/૨૦૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

## જિનાજ્ઞા યુવાગૃપ દ્વારા સાધર્મિક ભક્તિ




અમદાવાદ સાંચોરી ભવન મધ્યે જિનાજ્ઞાયુવાગૃપ ટ્રસ્ટ દ્વારા સંસ્થાપિકા પૂજ્ય સાધ્વીશ્રી મૈત્રીરત્નાશ્રીજી મહારાજની પ્રેરણાથી તા.૧૭ ના રોજ ૨૫૦ જેટલા પરિવારોને અનાજની કીટ વિતરણ કરવામાં આવેલ. જેનો લાભ જનકભાઈ ખાંડવાલા પરિવારે લીધેલ.

## જીવદયા ધામ થરામાં અબોલ જીવ માટે લાપસી



થરા ના સ્વર્ણિમ ઈતિહાસ માં સૌ પ્રથમ વાર જીવદયા ધામ માં અબોલ જીવ માટે પૌષ્ટિક, સ્વાદિષ્ટ લાપસી આપવા નુ અદકેરું, અનોખુ નીરણ કરવામાં આવેલ

## હીરપુર જૈનસંઘમાં દીક્ષા મહોત્સવ

અમદાવાદના કાંકરીયા વિસ્તારના હીરપુર જૈનસંઘના આંગણે બાલમુમુક્ષુ નમ્ર કુમારનો દીક્ષા મહોત્સવ પૂજય આચાર્યશ્રી જગતચંદ્રસૂરીશ્વરજી મહારાજ પૂજ્ય આચાર્યશ્રી જયસુંદરીજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિઠાણાની નિશ્રામાં યોજાઈ રહ્યો છે.

તા.૧૬ ના રોજ સવારે પૂજ્યશ્રીનો ભવ્ય સામૈયા સહ પ્રવેશ થયેલ.સાંજે બાળ મુમુક્ષુ નમ્રકુમાર નો ભવ્ય રોડ શો યોજાયેલ તા.૨૦ ના રોજ મુમુક્ષુ દીક્ષા અંગીકાર કરશે.

● પાલીતાણા પાસે સાગર સમુદાયના શ્રી દેવચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાલીતાણા જવા માટે ચાર સાધુ ભગવંતો સાથે દેવાળીયાથી વિહાર શરૂ કર્યો હતો. સવારે ૪-૩૦ કલાકે મેઈન હાઈવે પર પાછળથી આવેલી લકઝરી બસે મહારાજ સાહેબની વ્હીલચેરને ટક્કર મારી હતી. બસ સ્પીડમાં હોઈ વ્હીલચેર મહારાજ સાહેબ સાથે હવામાં ફંગોળાઈ હતી. જેપૂજ્યશ્રીને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી જે અંગેની જાણ સ્થાનિક જૈન અગ્રણીઓને થતાં પૂજ્યશ્રીને તાત્કાલીક ભાવનગરની બજરંગદાસબાપા હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ.

## પૂ.શ્રીની ૩૨ મી પુણ્યતીથી


સાઈઠા સમાજના ઉપકારક પૂજ્ય આચાર્યશ્રી સોમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ૩૨ મી વર્ષિક પૂણ્યતીથી એ ગુણાનુવાદ સભા ગચ્છાધિપતિ આચાર્યશ્રી સોમસુંદરસૂરીશ્વરજી મહારાજા ની પાવનનિશ્રામાં તા.૧૮ જુનના રોજ સાબરમતી અમદાવાદ મધ્યે યોજાયેલ.સવારે સૌનું આગમન બાદ ગુરૂવંદના થયેલ. પૂજ્ય આચાર્યશ્રી સોમસુંદરસૂરીજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી પૂણ્યસુંદરસૂરીજી મહારાજા, પૂજ્ય આચાર્યશ્રી નયચંદ્રસૂરીજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી તત્વપ્રભસૂરીજી મહારાજ, આદિ ગુરૂભગવંતો તથા શ્રાવકોએ પૂજ્યશ્રીના ગુણકિર્તન કરી તેમની શાસન પ્રભાવનાઓને ઉજાગર કરેલ.

બાદમાં બાંટ નિવાસી ડામરાજી પ્રેમાજી પરિવાર દ્વારા વીસ સ્થાનક મહાપૂજા યોજાયેલ. જેમાં અંકુર શાહના સંગીતના તાલ સાથે હાર્દિક શાહે વિધિ વિધાન સહ સંચાલન કરેલ. ત્રણેય ટાઈમ સ્વામીવાત્સલ્ય યોજાયેલ.

DEV દેવ હોસ્પિટલ હવે નવા સરનામે
ડૉ. દિલિપ દેવડા
એમ.ડી.,ડી.જી.ઓ. લેપ્રોસ્કોપી સર્જન
ડૉ. જસ્મીના દેવડા
એમ.બી.,ડી.પેડ., ડી.જી.ઓ.,
નવજાતશીશુ / બાળકો તથા સ્ત્રી રોગના નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
- Pregnancy- પ્રસૂતિ
- Uterus- ગર્ભાશયની તકલીફ
- Sterility- વ્યંધ્યત્વ
- Lepro TL- બાળકબંધ કરવાનું ઓપરેશન
- New Born- નવજાત શિશુની તપાસ
- Children- બાળકોની તપાસ
સ્ત્રી રોગ અને પ્રસૃતિ તથા બાળકોની ઓપીડી
રસીકરણ કેન્દ્ર Vaccination Centre
Sonagraphy Centre
Pre and Post Pregnancy Physiotheraphy
એપોઈન્ટમેન્ટ માટે મો. 8733832347, 8488932347
ઓપીડી તપાસ સવારના ૧૦થી ૧ અને સાંજે ૪ થી ૬
દેવ ક્લિનીક, ૧૦૨, સન એવન્યુવન, માણેકબાગ હોલથી શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

વેચવાના છે બંગલો, સેટેલાઈટ
શીવાલીક બંગલો, આર્યવ્રત બંગલો, અશ્વમેઘ બંગલો, નીલકંઠ બંગલો, સોમેશ્વર બંગલો, સુગમ બંગલો
વેચવાનો છે... શો-રૂમ
855 ફુટ, પહેલો માળ, પીન્ટુ ગારમેન્ટ ની ઉપર, કૃપાલ પાઠશાળાની બાજુમાં, શિવરંજની.
વેચવાના છે... 3 BHK ફ્લેટ
સત્યમ ઈનસીગ્રીઆ ● શાંતીનાથ એપાર્ટમેન્ટ ● તીર્થજળ કોમ્પલેક્ષ
સોમેશ્વર કોમ્પલેક્ષ ● પાર્શ્વટાવર, સાગર એપાર્ટમેન્ટ
ભાડે આપવાનો છે... 3 BHK ફ્લેટ / ટેનામેન્ટ સેટેલાઈટ
ખુશ્બુ મેનેજમેન્ટ : 9712921524

સ્વ.દેવીલાબેન ચીનુભાઈ ગુંજારીયા ની
તૃતીય વાર્ષિક પૂણ્યતીથી નિમિત્તે
ફ્રી તપાસ
સ્ત્રીરોગ, પ્રસુતિ તથા બાળકોની ફ્રી તપાસ
દર ગુરૂવારે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન નીચેના સ્થળે ઉપલબ્ધ કરેલ છે.
ડાં.દિલીપ દેવડા
એમ.ડી.ડીજીઓ
લેપ્રોસ્કોપી સર્જન
ડાં.જસ્મીન દેવડા
એમ.બી.ડી.પેડ..ડી.જી.ઓ.
નવજાત શીશુ / બાળકો તથા સ્ત્રીરોગના નિષ્ણાત
એપોઈમેન્ટ માટે
મો.૮૭૩૩૮ ૩૨૩૪૭
૮૪૮૮૯ ૩૨૨૪૭
-: સ્થળ :-
દેવ કિલનિક,૧૦૨, સન એવન્યુવન, માણેકબાગ હોલ થી શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫
સૌજન્ય : ચીનુભાઈ બાપુલાલ ગુંજારીયા પરિવાર



સૌનો સાથ,
સૌનો વિકાસ...
ગુજરાત સરકાર
ગુજરાતના
પનોતાપુત્ર અને
દેશની ધુરા સતત ત્રીજી વખત
સંભાળનાર **માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
અને તેમના મંત્રીમંડળને
શુભેચ્છાઓ...
સફળ નેતૃત્વ, અવિરત વિકાસ
“માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના
દ્રષ્ટિવંત નેતૃત્વમાં **મોદી સરકાર ૩.૦** માં વિકસિત ગુજરાતથી
વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે”
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,** માનનીય મુખ્યમંત્રી
વિકસિત ભારત માટે
**વિકસિત ગુજરાત**

### અમદાવાદ રાજનગરે દીક્ષા મહોત્સવ

## મુમુક્ષુ દેવાંગભાઈ બન્યા પૂ.મુનીરાજ શ્રી ચૈત્યરત્ન વિજયજી મહારાજ સાહેબ



અમદાવાદ રાજનગરે સેટેલાઈટ જૈનસંઘ મધ્યે પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી (કેસી) મ.સા., પૂ.આ.શ્રી કલ્પબોધીસૂરીજી મ.સા. તથા ગુરૂકલ્પકૃપાપાત્ર પ.પૂ.આ.શ્રી શીલરત્ન સૂરીજી મ.સા.ની પાવન નિશ્રામાં જામનગર નિવાસી મુમુક્ષુ દેવાંગકુમાર સુરેશભાઈ શાહનો ભવ્ય દિક્ષા મહોત્સવ ઉજવાયો. ત્રિ-દિવસીય રત્નત્રયી મહામહોત્સવ પ્રથમ દિવસ જામનગર મુકામે ઉજવી મંગલ મુહુર્તે પ્રયાણ કરી સવારે મંગલ પ્રભાતે અમદાવાદમાં આગમન થયું. શરણાઈના સૂર સાથે પ્રવેશ કર્યો. ભવ્ય વર્ધમાન શક્રસ્તવ સવારે ૯-૦૦ કલાકે યોજાયો. સંગીતકાર અલ્પેશભાઈ તપોવની, નૃત્યકાર યતીનભાઈ, આશીષભાઈ મહેતા વગેરે પધારેલ. બપોરે ૩-૦૦ કલાકે મુમુક્ષુના વસ્ત્ર રંગવાનો પ્રોગ્રામ, સાંજી, મહેંદી થઈ જેમાં વડોદરાથી આરતીબેન સાવલા પધારેલ. રાત્રે વિદાય સમારોહ યોજાયેલ. વિરાજ શાહે સંવેદના સાથે કરાવેલ.

ત્રીજા દિવસે વહેલી પ્રભાતે ભવ્ય વરસીદાન વરઘોડો અને ૯-૦૦ કલાકે દિક્ષા વિધિ પ્રારંભ થયેલ. ખૂબજ સુંદર ઉલ્લાસ સહ પ્રસંગ થયો. દિક્ષા પ્રસંગે વિશાળ સંખ્યામાં શ્રમણી ભગવંતો પધારેલ. ખૂબજ ઉલ્લાસ સહ ચડાવા થયેલ. શ્રી સેટેલાઈટ જૈનસંઘ,ગુરૂભક્ત પરિવારોએ તથા મુમુક્ષુ પરિવાર ના માતૃશ્રી માનસીબેન સુરેશભાઈ શાહ, વડીલબંધુ જીનેશભાઈએ ખુબજ ઉલ્લાસ સાથે બંધુનો દિક્ષા મહોત્સવ કરેલ.














## રત્નકુક્ષી માતા બન્યા ચંદનબાળા ના વારસદાર




અમદાવાદ મણીભવન પાલડી મધ્યે મુમુક્ષુ નિર્મલાબેન બાદરમલજી કટારીયાની ભગવતી પ્રવજ્યા યોજાઈ ગીતાર્થ ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજા તથા પૂ.આ.શ્રી વિતરાગયશ સૂરીજી મહારાજા તથા પૂ.પ્રવર્તિની સા.શ્રી વાંચયમાશ્રી મ.સા.આદિઠાણાની પાવનનિશ્રામાં વિરતી વૈભવ દિક્ષા મહોત્સવ યોજાયો. તા.૧૫/૬/૨૦૨૪ ના રોજ ધરણીધર દેરાસરથી મુમુક્ષુની વરસીદાનયાત્રા તેમજ મણીભૂવન મધ્યે બેહું વરસીદાન યાત્રા સમારોહ યોજાયો. તા.૧૬ જુનના રોજ પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી મનોહરકિર્તિસાગરસૂરીશ્વરજી મહારાજા તેમજ અમદાવાદમાં બિરાજમાન વિવિધ ભગવંતોની પ્રેરકનિશ્રામાં પૂજ્ય આચાર્યશ્રી વિતરાગયશસૂરીશ્વરજી મહારાજા તથા પૂ.સા.શ્રી મંદારયશાશ્રીજી મ.સા.ના સંસારી માતુશ્રી મુમુક્ષુ નિર્મલાબેન કટારીયાની ભગવતી પ્રવજ્યા યોજાઈ પૂ.ગુરૂદેવ દ્વારા નુતન દિક્ષિતનું નામ જાહેર કરાયું. આ પ્રસંગે ઉપકરણોના સુંદર ચડાવા યોજાયા.

### પૂ.ભક્તિયોગાચાર્યનો મુંબઈ નગર પ્રવેશ



મુંબઈ બોરીવલી થી જાખલી ગલી જૈનસંઘના આંગણે ભક્તિ યોગાચાર્ય યશોવિજયસૂરીશ્વરજી મહારાજા, પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા, પૂજ્ય આચાર્યશ્રી રાજપૂણ્યસૂરીશ્વરજી મહારાજા, પૂજ્ય આચાર્ય શ્રી મહાયશવિજયસૂરીશ્વરજી મહારાજા પૂજ્ય આચાર્ય શ્રી કલ્પયશસૂરીશ્વરજી મહારાજા, આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોનો ભવ્ય મુંબઈ નગર પ્રવેશ તા.૧૦ જૂનના રોજ ભવ્ય સામૈયા સહ થયેલ. મંડપેશ્વરથી પ્રારંભ થયેલ પ્રવેશયાત્રા જાંબલી ગલી આવતાં ત્યાં ઉપાશ્રયમાં પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન યોજાયેલ.ગુરૂવંદના સહ ગુરૂ પૂજન આદિ થયેલ. સકળસંઘનું સ્વામીવાત્સલ્ય યોજાયેલ.

### ધાકડી મધ્યે નુતન ગીરનાર તીર્થ જિનાલયની ટાંકણા વિધિ


શ્રી લબ્ધિધામ તીર્થ ધાકડી મધ્યે નવ નિર્માણાધિન શ્રી ગીરનાર તીર્થ જીનાલયની પ્રથમ ટાંકણા વિધિ તા.૧૬ જુનના રોજ લબ્ધિગુરૂકૃપાપાત્ર પૂ.આ.શ્રી શીલરત્નસૂરીશ્વરજી મહારાજા આદિઠાણા તેમજ પૂ.આ.શ્રી અભયસેનસૂરીશ્વરજી મહારાજા તથા મગરવાડા તીર્થ ગાદિપતિ પૂ.યતિવર્યશ્રી વિજયસોમજી મહારાજ આદિની ઉપસ્થિતિમાં લાભાર્થી પરિવાર ભાવિકબેન કેતનભાઈ ગાલા પરિવાર દ્વારા જિનાલયની પ્રથમ ટાંકણા વિધિ યોજાઈ

### ગુરૂકલ્પના આજીવન ચરણોપાસક પૂ.આ.શ્રી નો ચાતુર્માસ પ્રવેશ

પૂજયશ્રીનું ચાતુર્માસ શ્રી મીરામ્બીકા જૈનસંઘ મધ્યે નક્કી થયેલ છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ સં.૨૦૮૦ અષાઢ સુદ-૯, સોમવાર તા.૧૫/૭/૨૦૨૪ ના રોજ સવારે ૮-૩૦ કલાકે ભવ્ય સામૈયા સહ થશે. સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ.

શાંતિશ્રમ ન્યુઝ જોવા અમારી વેબ સાઈટની મુલાકાત લો.
www.shantishram.com

## ભાવભીની શ્રધ્ધાંજલી



**સ્વ.બાલચંદલાલ નગીનદાસ શાહ**
સ્વ.તા.૨૭/૦૫/૨૦૨૪ (વડાવાળા) હાલ મદ્રાસ

અમર કાયા નથી કોઈની રાખ થઈ જાય છે.
જનારા તો જતા રહે છે. પણ સંભારણા મુકી જાય છે.
એમની સુખદ યાદોમાં હસીયે તોય આસુડાં વહી જાય છે.
રહીને મન અમારૂ આટલું કહી જાય છે.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.

**ઈન્દુમતીબેન બાલચંદલાલ શાહ પરિવાર**
મનીષા - રાજેશ, કલ્પ, પ્રગતી

**હરગોવનદાસ નગીનદાસ શાહ પરિવાર**
મનોરંજનબેન-કેતનકુમાર, ઉર્મીક-ધ્રુતી, દેવમ

Editor, Published and Owned By ASHOK B.SHETH, and Printed at DHAVAL PRINTING PRESS, Diyodar, Dist.B.K.-385330. and Published from: SHANTISHAM WEEKLY OFFICE, Diyodar, dist B.K.-385330.
If undelivad Please retarn to Shantishram weekly,Deodar-385330.B.k.

## શાંતિશ્રમ તંત્રી સ્થાનેથી...

**સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૧૨ બુધવાર તા.૧૯-૬-૨૦૨૪**

### પર્યાવરણ પડકારો ને પહોંચી વળવા કાર્બન ઉત્સર્જન અને સંશાધન વપરાશ ઘટાડવા પર પગલાં લેવાં જરૂરી

ઘણાવર્ષો થી પૃથ્વીની સપાટી અને મહાસાગરો કુદરતી રીતે કાર્બનડાયોકસાઈડ સીઓટુ  અને અન્ય ગ્રીન હાઉસ વાયું નું ઉત્સર્જ અને શોષણ કરે છે. જે વાતાવરણમાં નાજુક સંતુલન જાળવી રાખે છે. આ કુદરતી ચક્ર મનુષ્યના અસ્તીત્વમાં આવતા પહેલાનું ઔધોગીકરણ ની શરૂઆત સુધી લગભગ ૧૮૫૦ એડી સીઓટુ ઉત્સર્જન અને શોષણનો દર સંતુલીત હતો પરંતુ તે પછી આપણે કોલસો, પેટ્રોલ, ડીઝલ, અને એલપીજી સળગાવવાનું શરૂ કર્યું. જેના કારણે સીઓટુ ઉત્સર્જનમાં નોધપાત્ર વધારો થયો. પૃથ્વીની સપાટી પર મહાસાગરો તેમજ છોડ અને વૃક્ષો સીઓટુ શોષવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જોકે છોડ ઔદ્યોગીક પ્રવૃતિઓમાં સી.ઓ.ટુ ઉત્સર્જનનું તીવ્ર પ્રમાણ અને અસરકારક રીતે સંતુલીત કરવાની તેમની ક્ષમતાને અવરોધે છે. લોકો માટે પણ વૃક્ષારોપણ દ્વારા સી.ઓ.ટુ. સરભર કરવું શક્ય બનશે. એરકંન્ડીશનર જેવા સામાન્ય સ્ત્રોતમાંથી કાર્બન ઉત્સર્જન એક ટનનું એકકંન્ડીનર દિવસમાં માત્ર આઠ કલાક ચાલે છે. ત્યારે બે ટનથી વધુ સીઓટુ ઉત્સર્જન કરે છે. તેથી માત્ર એક એસીના કાર્બન ફુટપ્રિન્ટને સંતુલીત કરવા માટે આપણને વાર્ષિક ૧ થી ૨ વૃક્ષ વાવવાની જરૂર છે. વાસ્તવમાં ઉત્સર્જન સરભર કરવા માટે માત્ર વૃક્ષો વાવવાની જ નહીં પરંતુ ૧૦-૧૫ વર્ષ સુધી તેનો ઉછેર કરવાની જરૂર છે.

આધૂનિક યુગમાં લોકો પ્રત્યક્ષ અને આડકતરી રીતે પ્રચંડ પ્રમાણમાં ઉર્જા સામગ્રીનો વપરાશ કરે છે. માત્ર વૃક્ષો વાવવાથી પર્યાવરણ પર તેની અસર ઘટાડવાનો પ્રયાસ લગભગ અશક્ય બની જશે. દરેક વ્યક્તિ માટે જરૂરી સંખ્યામાં વૃક્ષો વાવવા અને તેની માવજત કરવી શક્ય નથી. આવા પ્રયત્નો માટે પુરતી જગ્યા નથી. વધુ સમજદાર અભીગમ એ હશે કે ઈલાજ કરતાં નિવારણ વધુ સારૂ છે. એટલે કે પર્યાવરણ પડકારોને અસરકાર રીતે સંતોષવા કાર્બન ઉત્સર્જન અને સંસાધન વપરાશ ઘટાડવાના વ્યાપક પગલાં પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

### સંઘર્ષ

દુબઈને દુનીયાના નકશામાં એક આગવી વશિષ્ઠ ઓળખ અપાવનાર શેખ રસીદને પત્રકારે પ્રશ્ન પુછ્યો : તમને તમારા દેશનું ભવિષ્ય કેવું લાગે છે ? શેખ રસીદે જવાબ આપ્યો તેને બહુ ધ્યાનથી સમજવા જેવો છે. તેમાં આધૂનીક સમયના યુવાનો માટે બહુ મોટો ગર્ભીત સંદેશ સમાયેલો છે. "મારા દાદા ઉંટ ચલાવતા મારા પિતા પણ ઉંટ ચલાવતા મારા પિતા પણ ઉંટ પર સવારી કરતા હું મર્સિડિઝમાં બેસું છું મારો પુત્ર લેન્ડ રોવરમાં ફરે છે. મારો પૌત્ર પણ લેન્ડ રોવરમાં અથવા તેથીય મોંઘી અને આધૂનીક સુવિદ્યા વાળી કારમાં ફરશે. પરંતુ મને ખાત્રી છે કે મારો પ્રપૌત્ર પુનઃ ઉંટ પર સવારી કરશે...!!!

પત્રકારને આશ્ચર્ય થયું. કોઈને પણ આશ્ચર્ય થાય એવો જવાબ હતો. કુબેરનો ભંડાર ધરાવતો ભંડારી આવું શામાટે કહે ? પત્રકારે સામો પ્રશ્ન કર્યો તમે એવું કેમ કહો છો ? શેખ રસીદ ઉત્તર આપતાં કહે છે કે સંઘર્ષ અને મુશ્કેલીઓ મજબુત માણસો પેદા કરે છે. મજબુત માણસો પોતાના સામર્થ્ય થી સમય અને જીવન બંનેને આસાન બનાવી દે છે. તકલીફો વિનાની સરળ જિંદગી નિર્બળ માણસો પેદા કરે છે. નિર્બળ માણસો સમયને સમજવામાં ઉણા ઉતરે છે અને તેઓ મુશ્કેલીઓને નિમંત્રે છે. આવી પડેલી આપત્તિઓનો સામનો કરવાની સમજણ ન હોય તેવા પોતાની પાસે જે કાંઈ હોય તે ગુમાવી બેસે છે. આજની ટેકનોલોજીની સગવડમાં કોઈપણ જાતની અગવડ વગર ઉછરી રહેલી અને જીવી રહેલી આધુનિક પેઢી માટે છે.

આધૂનિકતા થી પોષણ પામતા સંતાનોને આપણે જે મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો તેનાથી તેઓને દુર રાખવાના મોહમાં શક્ય તેટલી વધુ સુવિદ્યાઓ  પુરી પાડીએ છીએ.અને અન્ય પર અવલંબીત રહીને જીવન જીવતાં શીખવાડીએ છીએ. પરિણામે તેઓ સ્વંય ની શક્તિથી, સ્વયંની સમજણ થી, સ્વયંની આવડ અને હોંશીયારી થી વિકાસ કે સફળતાના પગથીયાં ચડવાનું સામર્થ્ય ગુમાવી બેસે છે.

### આપણો જન્મ થયો ત્યારથી લઈને હાલમાં ચાલુ ઉંમરે છે ત્યાં સુધી ના કોમન જનરલ પાપોની કબુલાત કરૂ છું : કબુલાત કરવી પૂજ્યશ્રી પાસે

**૧ લાખ્ખો વખત નીચે મુજબનું આચરણ કાર્ય થયું :** (૧) સ્નાન કર્યું તેમજ વાસણો કપડાં ધોવામાં પુષ્કળ પાણી વાપર્યું, સાબુઓ-શેમ્પુઓ આદિ વાપર્યાં. (૨) ખાવાનું ખાધુ અને પ્રવાહી પીધું. એઠા મોંઢે બોલ્યા (૩) સંડાસ અને પેશાબની ખુબ હિંસા-પાપ થયા (૪) ઈલેક્ટ્રીક સ્વીચો,ગેસ લાઈટર, એ.સી.લીફ્ટ પંખા, ફ્રીઝ, ગ્રાઉન્ડર ઓવન વોશીંગ મશીન, આદિ વાપર્યાં (૫) નાટક-સિનેમા, ટી.વી., મોબાઈલ જોયા (નહી સાંભળવાનું સાંભળ્યું, નહીં જોવાનું એવુ જોયું) આ બધું લગભગ લાખ્ખો વખત થયું.

**(૨) હજ્જારો વખત નીચે મુજબ કાર્ય (આચરણ) થયું :** (૧) સચિત ચીજો - શાક, ફળો, આદિ લાવ્યા, સમાર્યા અને ખાધા (૨) કપડાઓ, સાડીઓ, પેન્ટ,શર્ટ, ગંજી ડ્રેસ, રૂમાલો આદિ થોડાક વાપરી કાઢી નાખ્યા અને નવી ખરીદી કરીને લાવ્યા (૩) ગાદી,ઓશીકા, તકીયા, ચાદરો ઓઢવાના વાપર્યા (૪) વાસણો, બાલ્દી, કપ રકાબી, પ્લેટ વિગેર વાપાર્યા (૫) જુતા, બૂટ, ચંપલો, મોજા, સ્લીપર અને છત્રી રેઈનકોટ વાપર્યા (૬) સોફા, બેડ, ખુરશી, ટેબલ, ઓરસીયા, વેલણ વાપર્યા (૭) બધા અનાજ, લોટ દળાવ્યા (૮) બાઈક,રીક્ષા, બસ, ટેક્સી, ટ્રેઈન, પ્લેન, કાર નો ઉપયોગ કર્યો (૯) માખણ, ચીઝ, બટર, વાસી ખોરાક, પાઉ, આઈસક્રીમ, કોલા, બરફ આદિ વાપર્યા (૧૦) દવાઓ-ઈન્જેક્શન આદિ અભક્ષ્ય લીધા (૧૧) સ્કુલ-કોલેજના ચોપડા, ધંધાના ચોપડાઓ, ફાઈલો, પુસ્તકો અને છાપાઓ લીધા, પછી પસ્તીમાં વેચ્યા (૧૨) વાળ કપાવ્યા, દાઢી કરી, ડાઈ કરી, હેર સ્ટાઈલ કરાવી, બ્યુટીપાર્લર ગયા, ફેશનમાં રહ્યા (૧૩) લગભગ અડધી જીંદગી ઉંઘવામાં, આરામમાં, પ્રમાદ અને આળસમાં ગઈ (૧૪) ખાવા-પીવાની ચીજો, મીઠાઈ, ફરસાણ, ગળી ચીજો, કેરી વિગેરે માં ઘણો રાગ થયો. મઝા આવી (૧૫) કાચુ પાણી પીધુ, અળગણ પાણી વાપર્યુ (૧૬) આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન થયા, એટલે અનુકળતામાં રાગ થયો. પ્રતિકુળતા આવી તો દ્રેષ (અરૂચી થઈ ગઈ) ટુંકમાં નહીં વિચારવા જેવું વિચારી ને મનના પાપ બાંધ્યા, તેમજ નહિં કરવાનું કર્યું (કાયાના પાપ થયા) આ બધા પાપો લગભગ હજ્જારો વખત હાલની ઉંમર સુધી થયા.

**(૩) ઘણી વખત આચરણ કાર્ય થયું તે :** (૧) પોતાના પરિવારમાં, ઘરમાં, મિત્રો સાથે, પડોશી સાથે, સોસાયટીમાં, બિલ્ડીંગમાં, તેમજ ઓફીસ, દુકાનમાં વેપારીઓ, દલાલો સાથે રાગ દ્રેષ થયા, તેમજ કજીયા, ઝઘડા, દુશ્મની, વેર-ઝેર કર્યા છે, ન બોલવાનું બોલી નાખ્યું (વચનના પાપ થયા) મૌન ન રહ્યા(૨) ક્રોધ, અભિમાન,માયા, પ્રપંચ ને લોભ કર્યા. શક્ય તેટલી ન્યાય નીતી રાખી નહી અને ધન કમાયા, પરીગ્રહ ઘણો કર્યો.(૩) નિંદા, કુથલી, મશ્કરી, મજાક, ચાડી, ચુગલી આદિ કર્યા(૪) લગ્નના બંધનમાં પડી ઘણા પાપો કર્યા (૫) હરવા, ફરવા, પીકનીક આદિ માં ગયા (૬) ફીલ્મી ગીતો, ઈંગ્લીશ ગીતો ગાયા નાચ્યા (૭) નવરાત્રી ગયા, ફટાકડા ફોડ્યા, હોળી રમ્યા, (૮) રાત્રી ભોજન કર્યા, કંદમૂળ આદિ પણ અનંતકાય વાપર્યુ (૯) હોટલો, રીસોર્ટ, ફનફેર પાર્ટીઓ, કીટી પાર્ટી વગેરેમાં ગયા (૧૦) રાત્રિ એ દસ વાગ્યા બાદ ઘરની બહાર નીકળી ગમે ત્યાં ગયા (૧૧) મોટા પાપ વાળા ધંધા કર્યા, શેર બજાર, બિલ્ડરનો, પૂલો બનાવવા, રોડ અને હાઈવે બનાવવા વગેરે (૧૨) સરકારી ચોરી, સેલ્સટેક્સ, ઈન્કમટેક્ષ, જીએસટી આદિ મા કરી લાંચ આપી જીવનમાં જુઠ અને માયા કરી.(૧૩) ઘર, દુકાન, અને ઓફીસ રીપેરીંગ કરાવી અને ફર્નીચર અને કલર વગેરે કરાવ્યા (૧૪) અનંતા જીવો (અનંતકાય) લીલ ની વિરાધના કરી (થઈ) ખાસ કરીને ચોમાસામાં વિશેષ થઈ (૧૫) (ખાસ અગત્યની) એવી પરિવારની અમૂક વ્યક્તિ, સ્વજન તેમજ સગા વ્હાલા અને મિત્ર ઉપર રાગ પ્રેમ, મોહ આદિ ઘણા કર્યા (વિશેષ થયા છે.) અરિહંત પ્રભુની સિવાય બીજા દેવ પણ માન્યા અને પૂજ્યોની કોઈક વખત નિંદા કરી છે. (આવા બધા કાર્યો ઘણી જ વખત થયા છે.)

પ્રતિજ્ઞા : લખેલા તમામ આચરણો (પાપ) શક્ય તેટલા પણ ઘટાડી ધર્મમય સ્વભાવમાં આવીએ (આવું છું)

**૪ નરક : નર એટલે માનવ, ક એટલે કચરો :**(હે માનવ તુ કચરા જેવા વિચારો (પાપ) મનમાં રાખીશ નહીં (તો) તારે નરક માં જવું નહીં પડે બોધ : (૧) આપણો જન્મ થયો ત્યાર થી બાળપણ સુધી પાપોના સરવાળા થાય (૨) બાળપણ જાય (ટીનએજ) તરૂણ અવસ્થા ચાલુ થાય ત્યારથી ઉંમર ૫૦ સુધી પાપોના ગુણાકાર થાય (૩) માટે ઉંમર ૫૦ પછી પાપોની બાદબાકી કરો (૪) અને ઉંમર ૫૫ પછી પાપોના ભાગાકાર કરવા ટુંકમાં ધર્મ અને પ્રભુની આજ્ઞાને, આચરણમાં મુકો ઉંપર ૫૫ પછી થી એટલે પાપોના ભાગાકાર કરવા ટુંકમાં ધર્મને અને પ્રભુની આજ્ઞાને આચરણમાં મુકો ઉંમર ૫૫ પછી થી એટલે પાપોના ભાગાકાર થઈ પુણ્ય વધશે. (મોક્ષ તરફ આગળ વધાશે.)

**નોંધ :** "કોમન" પાપોના આ કાગળ પૂજ્ય ગુરૂદેવને આપવો તેની સાથે અંગત અને વિશેષ થી થયેલ પાપો અલગથી લખીને આપવા. આલોચનાથી શુધ્ધ થઈ જવું. છેવટે વટસભા ૧ વખતતનો આલોચના લઈ લેવી. સંત્સરી પ્રતિક્રમણ પહેલા આલોચના લેવી એ શાસ્ત્ર વચન છે.

### રાજ્યમાં ભારે વાહનો પર ઓટોમેટેડ ટેસ્ટીંગ ફરજીયાત

રાજ્યમાં થતા અકસ્માતોમાં ટ્રક, ડમ્પર, બિલ્ડીંગ કન્ટ્રક્શનમાં વપરાતું મીકસર સહિતના સાધનો મોટાભાગે રાહદારીઓ ટુ-વ્હીલર વાળા ને અડફેટે લેતા હોય છે. જેના પરિણામે કેટલીય વખત વાહનોની બોડી ને લઈને પ્રશ્નો ઉઠ્યા છે. તેવું વાહન વ્યવહાર વિભાગના સુત્રોનું કહેવા મુજબ અનિયમિતતાને દુર કરીને ભ્રષ્ટાચાર ડામવા માટે ઓટોમેટેડ બોડી ફીટનેસ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. આથી તા.૧૨ જુનથી રાજયમાં ૩૯ ફીટનેસ સેન્ટરોને મંજુર આપવામાં આવી છે. જેમાં તમામ કોમર્શિયલ વાહનો જેવા કે બસ, લકઝરી, ટેક્સી, ડમ્પર, ટ્રક સહિતના તમામ ટ્રાન્સપોર્ટ વાહનોને ઓટોમેટેડ ટેસ્ટીંગ ફરજીયાત કરાવવાનું રહેશે. રીક્ષા, એમ્બુલન્સ, સ્કુલબસ, વ્હીલર સહિતના વાહનોના ફીટનેસ માટે રાજ્યમાં વિવિધ ૩૯ ઓટોમેટેડ ફીટનેસ સેન્ટર ખોલવામાં આવ્યા છે. આ સેન્ટર સરકારે પીપીપી ધોરણે ખોલ્યા છે. આ સેન્ટરોની યાદી વાહન વ્યવહાર વિભાગના વાહન પોર્ટલ પર ઉપલબ્ધ કરાવાશે.


**વેચવાના છે બંગલો, સેટેલાઈટ**
શીવાલીક બંગલો, આર્યવ્રત બંગલો, અશ્વમેઘ બંગલો, નીલકંઠ બંગલો, સોમેશ્વર બંગલો, સુગમ બંગલો
**વેચવાનો છે... શો-રૂમ**
855 ફુટ, પહેલો માળ, પીન્ટુ ગારમેન્ટ ની ઉપર, કૃપાલ પાઠશાળાની બાજુમાં, શિવરંજની.
**વેચવાના છે... 3 BHK ફ્લેટ**
સત્યમ ઈનસીગ્રીઆ ● શાંતીનાથ એપાર્ટમેન્ટ ● તીર્થજળ કોમ્પલેક્ષ
સોમેશ્વર કોમ્પલેક્ષ ● પાર્શ્વટાવર, સાગર એપાર્ટમેન્ટ
**ભાડે આપવાનો છે... 3 BHK ફ્લેટ / ટેનામેન્ટ સેટેલાઈટ**
ખુશ્બુ મેનેજમેન્ટ : 9712921524



સ્વ.દેવીલાબેન ચીનુભાઈ ગુંજારીયા ની
ફ્રી તપાસ | **તૃતીય વાર્ષિક પૂણ્યતીથી નિમિત્તે** | ફ્રી તપાસ
સ્ત્રીરોગ, પ્રસુતિ તથા બાળકોની ફ્રી તપાસ
દર ગુરૂવારે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન નીચેના સ્થળે ઉપલબ્ધ કરેલ છે.
**ડૉ. દિલીપ દેવડા**
એમ.ડી.ડીજીઓ
લેપ્રોસ્કોપી સર્જન
એપોઈમેન્ટ માટે
મો.૮૭૩૩૮ ૩૨૩૪૭
૮૪૮૮૯ ૩૨૨૪૭
**ડૉ.જસ્મીન દેવડા**
એમ.બી.ડી.પેડ..ડી.જી.ઓ.
નવજાત શીશુ / બાળકો તથા સ્ત્રીરોગના નિષ્ણાત
-: સ્થળ :-
દેવ કિલનિક,૧૦૨, સન એવન્યુવન,
માણેકબાગ હોલ થી શ્યામલ ચાર રસ્તા,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫
સૌજન્ય : ચીનુભાઈ બાપુલાલ ગુંજારીયા પરિવાર

## ધો.૯ થી ૧૧ માં પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને વર્ગ બઢતી

બનાસકાંઠામાં ધો.૯ અને ૧૧ માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પરીક્ષા પાસ કરશેતો તે વિદ્યાર્થીઓને વર્ગ બઢતી મળશે. આ અંગે રાષ્ટ્રીય શિક્ષણ નિતિના અનુસંધાને ગુજરાત બોર્ડ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે નાપાસ વિદ્યાર્થીની ૨૯ જુન સુધીમાં પુનઃ પરીક્ષા યોજાશે. બનાસકાંઠા જીલ્લાશિક્ષણાધિકારી ડૉ.હિતેશ પટેલે જણાવ્યું હતું કે જિલ્લાના ધો.૯માં ૧૩૭૦૨૫ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે નોધાયેલા છે. જિલ્લાના ૪૧ સેન્ટર પર ૩૮૩ બિલ્ડીંગમાં ૩૭૦૪ બ્લોકમાં ધો.૧૦ ના વિદ્યાર્થીઓ ૨૪ જુનથી ૪ જુલાઈ સુધી પૂરક પરીક્ષા આપશે. જ્યારે જીલ્લાના ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહના ૧૩૮૦ વિદ્યાર્થીઓ ૫ બિલ્ડીંગમાં ૪૬ બ્લોકમાં, ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૧૫૦૦ વિદ્યાર્થીઓ ૫ કેન્દ્રોના ૫૦ બ્લોકમાં ૨૪ જુનથી ૬ જુલાઈ સુધી પરીક્ષા આપશે. અગાઉ ધો.૧૦માં બે વિષય સુધીમાં નાપાસ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકતા હતા. જ્યારે આ વર્ષમાં ત્રણ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકશે. એટલે પુરક પરીક્ષામાં વિદ્યાર્થીની સંખ્યા વધી છે.

## પાલનપુરના યુવાને માઉન્ટ યુનમ શીખર પર ત્રિરંગો લહેરાવ્યો

મુળ લાખણીના ધાણા ગામના ખેડુત દાઉદભાઈ મુસ્લાના પુત્ર ડૉ.સોહિલ મુસાએ હિમાચલ અને લદાખ વચ્ચે આવેલ ૨૦,૦૫૦ ફુટ ઉંચા માઉન્ટ યુનમ માઉન્ટ યુનમ શિખર કર્યું છે. જ્યાં ઓક્સીજનનું પ્રમાણ ઓછું રાત્રે તાપમાન ૧૫ થી ૨૦ જેટલું ઓછું હોવા છતાં ૭ દીવસની કઠીન ચઢાઈ બાદ ૧૧ જુને ૧૩ લોકોના દળે આ ઉંચુ શિખર સર કર્યું હતું.

૧૩ લોકોએ આ અભિયાન શરૂ કર્યું હતું. પરંતુ હિમવર્ષા, ખડકો, કાવસ માઈનસમાં ટેમ્પરેચર જેવી અનેક પરેશાનીઓના કારણે તેમાંથી આઠ લોકો પરત ફર્યા હતા. એક વ્યક્તિનું રોકફોલના કારણે ઘુંટણમાં ફેક્ચર થયું હતું. બીજા ત્રણ વ્યક્તિ એમ્સ હોવાથી તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ૫ હજાર મીટર થી ઉંચા શીખરમાં AMS હોવાનો ખતરો હોય છે. ચક્કર આવવા,, માથાનો દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણો જણાય છે.

## ૨૮ જૂનના રોજ પાલનપુર ખાતે ડાક અદાલત યોજાશે

બનાસકાંઠા ડીવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોના નિકાલ કરવા તારીખ ૨૮.૦૬.૨૦૨૪ ના રોજ ૧૪:૦૦ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા, પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આઅદાલતમાં નીતિ વિષયક મુદા સિવાયની ટપાલસેવાઓને લગતા મુદાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે.ટપાલ સેવા સંબધી અદાલતમાં રજૂ કરવાનીફરિયાદો ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, અધિક્ષક ડાકઘરની કચેરી, બનાસકાંઠા ડિવીઝન,પાલનપુરને તારીખ ૨૫.૦૬.૨૦૨૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ આવેલી ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ફરીયાદ સ્પષ્ટ અને મુદાસર હોવી જરૂરી છે. નીતિ વિષયક મુદાઓની સુનાવણી હાથ ઉપર લેવામાં આવશે નહિ એમ ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, અધિક્ષક ડાકઘરની કચેરી, પાલનપુરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## વન વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



રોપાઓનું વાવેતર અનેવિતરણ કરી પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપવામાં સામાજિક વનીકરણ વિભાગ બનાસકાંઠા, પાલનપુર દ્વારા ૫ મી જુનને વિશ્વ પર્યાવરણ દિવસની જિલ્લા અનેતાલુકા કક્ષાએ ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત નાયબ વન સંરક્ષકશ્રી (સામાજિક વનીકરણ) અભયકુમાર સિંહ (IFS)ની અધ્યક્ષતામાં બનાસડેરી અને ભાગળ(પીંપળી) ખાતે જિલ્લાકક્ષાની અને ટાકરવાડા ખાતે તાલુકાકક્ષાના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. નાયબ વન સંરક્ષકશ્રી (સામાજિક વનીકરણ) અભયકુમાર સિંહે (ૈહ્નજી) ગ્લોબલ વોર્મિંગની ભયાનક અસરો અને પર્યાવરણના જતનનું મહત્વ સમજાવી વૃક્ષારોપણ પર ભાર મુક્યો હતો. તેમજ પર્યાવરણ બચાવવા સૌનેઅપીલ કરી હતી. આ પ્રસંગે ૨૦૦૦ રોપાઓનું મહાનુભાવોના હસ્તે વાવેતર કરવામાં આવ્યું હતું જ્યારે ૧૦૦૦ રોપાઓનું વિતરણ કરાયું હતું.પાલનપુર તાલુકાનાટાકરવાડા ખાતે સામાજિક વનીકરણ વિભાગ બનાસકાંઠા, પાલનપુર દ્વારા તાલુકા કક્ષાની ઉજવણી અંતર્ગત ૨૫૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. જ્યારે૧૦૦૦ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોકોને પર્યાવરણ જાગૃતિનો સંદેશ પાઠવી વધુમાં વધુ વૃક્ષોરોપણ કરવા અપીલ કરવામાં આવી હતી.

## મુમુક્ષુ નમ્રકુમાર ની દીક્ષા યોજાઈ

શ્વેતામ્બર સ્થાનકવાસી તેરાપંથ આદિ સર્વ સંપ્રદાયો દ્વારા જીનશાસનની એકતા અને પ્રભાવનાના પ્રતિક સ્વરૂપ મણીનગર કાંકરીયા જૈન યુથ સંચાલીત મુમુક્ષુ નમ્રકુમાર ના સંયમ જીવનની અનુમોદના રૂપે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં ૨૦૦ કાર, ૧૦૮ ટુવ્હીલર સાથે લોકો જોડાયા હતા. શોભાયાત્રાને લીલીઝંડી સાધર્મિક વત્સલ કલ્પેશ વી. શાહ તથા જગવલ્લભ પાર્શ્વનાથ ભાતાઘર કમિટિ પ્લેટીનીયમ સ્તંભ લાભાર્થી પરિવાર દ્વારા કરાયું હતું.

## બ.કાં.માં પશુઓમાં ઈતરડી નાબુદી અભિયાન

બનાસકાંઠામાં ઈતરડી નાબુદી જીવાતનો ઉપદ્રવને પગલે બનાસડેરી બનાસકાંઠા અને પાટણ જીલ્લાના ૧૬ તાલુકાના ગામોમાં ઈતરડી નાબુદી અભીયાન ચલાવીને ઈતરડી કરડવાથી થતા જખમ અને રોગો થી પશુઓ મુક્ત રહે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ અભિયાન અંતર્ગત અત્યારસુધીમાં બનાસકાંઠા અને પાટણ જીલ્લાના ૧૬ તાલુકાઓમાં ૬૧૪૪ પશુફાર્મ પર ૧,૦૦,૯૬૧ પશુઓને આવરી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત હજુ આગામી દિવસોમાં અભિયાન તેજગતિથી ધરવામાં આવશે.

## પાટણ રાણકીવાવમાં પ્રવાસીઓનો ઘસારો

વૈશ્વિક ઓળખ ધરાવતી રાણકીવાવા હવે પ્રવાસીઓની પહેલી ઓળખ બની ગઈ છે. કેન્દ્ર સરકારે રૂા.૧૦૦ ની ચલણી નોટ પર ઐતિહાસિક ધરોહરઅને કોતરણી કલા મામલે વિશ્વ પ્રસિધ્ધ રાણકીવાવને સ્થાન આપ્યું છે. કેન્દ્ર સરકારના આ નિર્ણય બાદ રાણકીવાવ આજે ન માત્ર દેશમાં પરંતુ વિશ્વમાં ખ્યાતનામ બની છે. શાળા કોલેજના વિદ્યાર્થી રીસર્ચર અનો સામાન્ય નાગરીકને પોતાના વારસાનો ગર્વ હોવાના લીધે તેઓ આવી ઐતિહાસિક ધરોહર જોવા આકર્ષાય છે.

## બ.કાં. ગ્રામીણ વિસ્તારોમાં વધુ ગ્રાન્ટ ફાળવવા રજુઆત

સમગ્ર દેશમાં મહેનત કરવા વાળો વર્ગ ગ્રામ્ય વિસ્તાર માં વસે છે. જેમાં ખેડુતો ખેતી સાથે સંકળાયેલા મજુર, પશુપાલનકર્તાનો સમાવેશ થાય છે. આ વર્ગના લોકો આર્થિક રીતે બરબાદ થઈ ગયા છે. ખેત ઉત્પાદન ખર્ચ સરકાર દ્વારા આપવામાં આવતો નથી. એટલે ખેડુતને આવકને બદલે ખોટ ભોગવવી પડે છે.તેથી તમામ સર્વે નંબરમાં સરકારી ખર્ચ, સીંચાઈ વ્યવસ્થા કરવામાં આવે એજ રીતે પશુપાલન કર્તાને દુધના પુરા ભાવ ન મળતા હોવાને કારણે ખાણ ખોળ વડે ઢોરોનું પાલન કરવું મુશ્કેલ છે. ખેત ઉત્પાદન ખર્ચ સરકાર દ્વારા ખરીફ સીઝન,રવિ સીઝન માં એકરદીઠ સિઝનની શરૂઆતમાં આપવામાં આવે ખેડુતોને ઉત્પાદનના ભાવ મળે ટોટલ ઉત્પાદનની ખરીદી કરવા સ્વામીનાથન કમિશ્નરની ભલામણ મુજબ વ્યવસ્થા કરવામાં આવે, ખેડુતો ને પુરા ભાવ મળે,વેપારીઓ મોટી કમાણી કરી બજારમાં મોંઘા ભાવે વેચાણ કરે નહીં તેથી આ ભાવ નિયંત્રણ કાયદો લાવવામાં આવે.

## ડીસામાં જાહેરમાં વેચાતો ઘાસચારો પાલીકા એ જપ્ત કર્યો.

ડીસા માં રખડતા પશુઓની સમસ્યા દુર કરવા માટે પાલિકા દ્વારા હાઈકોર્ટ અને રાજ્ય સરકારના આદેશ અનુસાર રખડતા પશુઓ પકડવાની કામગીરી હાથ ધરી છે. ત્યારે શહરે રખડતા પશુઓથી મુકત બને તે માટે જાહેર માર્ગો પર લીલા ઘાસચારા ના વેચાણ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. જે અંતર્ગત ડીસા નગરપાલિકા દ્વારા શહેરના અલગ અલગ રાજમાર્ગો પર લીલો ઘાસચારો વેચતા લોકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સવારથીજ નગરપાલિકાની ટીમ ઘાસચારો વેચાતા સ્થળોએ લીલો ઘાસચારો જપ્ત કરી ગૌશાળામાં આપવામાં આવી રહ્યો છે.

## લાંચ લેતા નારી સંરક્ષણના અધિકારી ઝડપાયા

પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાં એક મહિલાએ તેમના પતિને ફિલ્ડ ઓફીસરની કરાર આધારીત જગ્યા પર નોકરી રાખવા માટે અરજી કરી હતી. જેમાં નારીસંરક્ષણના કરાર આધારીત મેનેજર આશા નાયકે નોકરી રાખવા બદલ ત્રણ માસના રૂા.૪૫ હજારની માંગ કરી હતી. જે બાદ અરજદાર લાંચ આપવા માગતા ન હોઈ આ અંગેની જાણ પાલનપુર એસીબીને કરતાં એસઈબી દ્વારા છટકું ગોઠવતાં નારી સંરક્ષણ કેન્દ્રના મેનેજર આશા નાયક રૂા.૪૫ હજારની લાંચ સ્વીકારતાં આબાદ રીતે ઝડપાઈ ગયા હતા.

## બનાસકાંઠા જિલ્લા પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (પી.એમ.કિસાન) યોજના જોગ

બનાસકાંઠા જિલ્લા પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (પી.એમ.કિસાન) યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડુત ખાતેદારને પ્રતિ વર્ષરૂપિયા ૬૦૦૦/- ત્રણ સમાન હપ્તામાં સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી ચુકવવામાંઆવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસારઆ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજીયાત પોતાના પી.એમ.કિસાન એકાઉન્ટમાં આ ત્રણ કામ કરાવવા જરૂરી છે

(૧) લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટકરાવવી

(૨) બેંક સાથે આધાર સીડિંગ અને ડી.બી.ટી. ઈનેબલ

(૩) પી.એમ.કિસાન પોર્ટલ પર ઈ-કે.વાય.સી. કરાવવું.

જે ખેડૂતોને પી.એમ.કિસાનની સહાય મળતી બંધથઈ ગઈ હોઈ તેમણે ઉપર જણાવેલ ત્રણ વિગત અપડેટેડ છે કે નહિ તે ખેડૂત જાતે પી.એમ.કિસાન વેબસાઈટ પર જઈને ચેક કરી શકે છે અથવા ગ્રામ પંચાયતના વિ.સી.ઈ.થઈ ગઈ હોઈ તેમણે ઉપર જણાવેલ ત્રણ વિગત અપડેટેડ છે કે નહિ તે ખેડૂત જાતે પી.એમ.કિસાન વેબસાઈટ પર જઈને ચેક કરી શકે છે અથવા ગ્રામ પંચાયતના વિ.સી.ઈ.મારફત અથવા ગ્રામસેવક મારફત ચેક કરાવી શકે છે. જો ઉપરોક્ત ત્રણ વિગતની સામે **"NO"/"REJECTED"** બતાવે તો લેન્ડ સીડીંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવામાટે આપના ગામના ગ્રામ સેવકશ્રીનો સંપર્ક કરવો, બેંક સાથે આધાર સીડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઈનેબલ માટે આપનું બેંક ખાતું હોઈ તે બેંકનો સંપર્કકરી શકો અથવા આપની નજીકની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફીસ) નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકો છો અને ઈ-કે.વાય.સી.કરાવવા માટે આપના ગામના ગ્રામસેવકનો સંપર્ક કરવો અથવા આપના ગામની ગ્રામ પંચાયત વિ.સી.ઈ.નો સંપર્ક કરીને વિગતો અપડેટ કરાવવી.

આ માટે લાભાર્થીએઆધાર કાર્ડ અને મોબાઈલ નંબર તેમજ રૂબરૂ હાજરી જરૂરી રહેશે.

DEV
દેવ હોસ્પિટલ હવે નવા સરનામે
ડૉ. દિલિપ દેવડા
એમ.ડી.,ડી.જી.ઓ. લેપ્રોસ્કોપી સર્જન
ડૉ. જસ્મીના દેવડા
એમ.બી.,ડી.પેડ., ડી.જી.ઓ., નવજાતશીશુ / બાળકો તથા સ્ત્રી રોગના નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
- Pregnancy- પ્રસૃતિ
- Uterus- ગર્ભાશયની તકલીફ
- Sterility- વ્યંધ્યત્વ
- Lepro TL- બાળકબંધ કરવાનું ઓપરેશન
- New Born- નવજાત શિશુની તપાસ
- Children- બાળકોની તપાસ
સ્ત્રી રોગ અને પ્રસૃતિ તથા બાળકોની ઓપીડી
રસીકરણ કેન્દ્ર Vaccination Centre
Sonagraphy Centre
Pre and Post Pregnancy Physiotheraphy
એપોઈન્ટમેન્ટ માટે મો. 8733832347, 8488932347
ઓપીડી તપાસ સવારના ૧૦થી ૧ અને સાંજે ૪ થી ૬
દેવ ક્લિનીક, ૧૦૨, સન એવન્યુવન, માણેકબાગ હોલથી શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

શાંતિશ્રમ સાપ્તાહિક Printed, Published and Owned by ASHOK B. SHETH and Printed at DHAVAL PRINTING PREESS, *DEODAR DIST.(B.K.). 385330 and* Published from : *SHANTISHRAM WEEKLY OFFICE, DEODAR - DIST.(B.K.). 385330*
Editor- ASHOK B. SHETH, If undelivad Please retarn to Shantishram weekly,Deodar-385330.B.k.